# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના
# સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ

સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિ નર્મદ'ની ૧૯૪મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૩૬મા સ્થાપના દિન નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૨૬ થી તા.૨૭/૦૮/૨૦૨૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે રંગબેરંગી સુશોભન કરી, કવિ નર્મદની જીવન ઝરમર તેમજ તેઓશ્રી દ્વારા ગુજરાતી સહિત્યને પ્રદાન કરવામાં આવેલ પુસ્તકો સહિત સામાન્ય જ્ઞાન, ટેક્નોલોજી, અર્થશાસ્ત્ર, લોકસાહિત્ય, વિજ્ઞાન, પ્રવાસ, જીવનચરિત્ર, ઈતિહાસ વિગેરે વિષયોને લગતા પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવશે. તદ્ઉપરાંત, સુરત શહેરના પુસ્તક પ્રેમી દાતાઓ તરફથી ભેટમાં મળેલ પુસ્તકો પર્યાવરણ સુરક્ષાસુત્ર **5R (Refuse, Reduce, Reuse, Reproduce and Recycle)** પૈકીના ત્રીજા **Reuse** ના કોન્સેપ્ટ થકી વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવા શુભાશયથી 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત વહેલા તે પહેલાના ધોરણે પુસ્તકોનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવશે. ઉક્ત યોજનાનો સુરત શહેરના નાગરિકો વધુમાં વધુ લાભ લે તેવી સુરત મહાનગરપાલિકા ધ્વારા નગરજનોને અપીલ કરવામાં આવે છે.

સ્થળ -: કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
જુના ઉમરા પોલીસ સ્ટેશન સામે,
ધોડદોડ રોડ, અઠ્વાલાઇન્સ, સુરત .

સમય-: ૧૧:૦૦ થી ૬:૦૦